# સ્નેહા ફાઉન્ડેશન

SNEHA FOUNDATION

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

**એપ્રિલ-૨૦૨૫**

## આંખના મોતિયા માટે નિઃશુલ્ક કેમ્પ

**સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થા ખાતે **રોટરી કલબ ઓફ ભાવનગર**, **ડૉ. સવાણી સાહેબ** અને **ડૉ. અગ્રવાલ સાહેબ**ના સહયોગથી વિનામુલ્યે મોતિયાબિંદ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પનો મુખ્ય ઉદ્દેશ જરૂરિયાતમંદ અને નેત્રરોગથી પીડિત વ્યકિતઓને નયનજયોત આપી તેમના જીવનમાં નવી રોશની લાવવાનો હતો. કેમ્પમાં આશરે **૧૬૬** દર્દીઓની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. જેમાં **૭૮** દર્દીઓના ઓપરેશન પણ વિનામૂલ્યે કરવામાં આવ્યા હતાં.

આ કાર્યમાં સહયોગ આપવા બદલ **રોટરી કલબ ઓફ ભાવનગર**, **ડૉ. સવાણી સાહેબ** અને **ડૉ. અગ્રવાલ સાહેબ** તથા તેમની **ટીમ**નો સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.






**સ્થળ**

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust



# લર્નિંગ સેન્ટર

**એપ્રિલ** માસમાં વાર્ષિક પરીક્ષાને ધ્યાનમાં રાખી સંસ્થામાં અભ્યાસ કરતાં **ધોરણ-૮ અને ૯**ના કુલ **૭૪** વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા પરીક્ષા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં બાળકોને પરીક્ષા દરમિયાન કઈ-કઈ બાબતો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ તે વિશે સમજાવવામાં આવ્યું હતું.

સ્નેહા ફાઉન્ડેશન તરફથી **ધોરણ-૮** અને **૯**ના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં જવલંત સફળતા મેળવી જીંદગીમાં આગળ વધો તેવી શુભેચ્છાઓ.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

માર્ચ માસ દરમિયાન **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થા દ્વારા સંચાલિત **એન. પી. મહેતા પ્રાથમિક શાળા**માં અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ માસ દરમિયાન શાળામાં તારીખ **૧ એપ્રિલ** થી **૪ એપ્રિલ બાલમંદિર**ના બાળકોની **પરિક્ષા** લેવામાં આવી હતી અને તારીખ **૭ એપ્રિલ** થી **૧૨ એપ્રિલ** દરમિયાન ધોરણ **૧** થી **૫** ના બાળકોની **વાર્ષિક પરિક્ષા** લેવામાં આવી હતી.

આ સાથે શાળામાં પરિક્ષા પૂર્ણ થતાંની સાથે જ વેકેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ બાળકોને રજા દરમિયાન નવી નવી કળાઓ શીખવી, રમતાં રમતાં શીખવાં અને તેમની ક્ષમતાઓને વિકસાવવા માટેનું પ્લેટફોર્મ પુરૂ પાડવાનું હતું. જેમાં બાળકોએ ચિત્ર, મ્યુઝિક, ડાન્સ, યોગા, કહાનીઓ, હાથના પંજા વડે અલગ અલગ આકૃતિઓ બનાવી, પેપર ક્રાફ્ટ વિગેરે પ્રવૃત્તિઓ કરી હતી. આ સાથે બાળકોને ખો-ખો, ક્રિકેટ, કબડ્ડી, લંગડી, બોલ ફેંક વિગેરે જેવી રમતો રમાડવામાં આવી હતી.

આ સાથે શાળામાં બાળકોને પ્રેરણાત્મક મુવીઝ પણ દર્શાવવામાં આવી હતી. જેથી તેમનાં આત્મવિશ્વાસ વૃદ્ધિમાં સહાય મળે અને મુવી પછી બાળકો સાથે ચર્ચા કરી તેમને મુવીમાંથી મળેલો સંદેશા વિશે ચર્ચા કરી હતી. આ સાથે મહાભારત પણ બાળકોને દર્શાવવામાં આવી હતી.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ➤ બાબાસાહેબ આંબેડકર જયંતિ

તારીખ **૧૪ એપ્રિલ ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન વિચારક **ડૉ. બાબાસાહેબ આંબેડકર**ની **જન્મજયંતિ** ઉજવવામાં આવી હતી.

જેમાં બાળકોને ડૉ. બાબાસાહેબ આંબેડકરના બાળપણથી લઈને જીવનના અંત સુધીના સમગ્ર જીવનચરિત્ર વિશે માહિતી આપવામાં આવી તથા તેમણે સમાજમાં સમાનતા, શિક્ષણ અને ન્યાય માટે આપેલા યોગદાન પર પ્રકાશ નાખવામાં આવ્યો હતો.

સંસ્થાના શિક્ષક દ્વારા જણાવવામાં આવ્યુ કે, ડૉ. બાબાસાહેબનું જીવન આજની પેઢી માટે પ્રેરણા સ્ત્રોત છે. તેમના વિચારોને જીવનમાં ઉતારવા એ સાચી શ્રદ્ધાંજલી છે.





## ➤ પેપર ક્રાફટ

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા બાળકોને શિક્ષણની સાથે સાથે સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવૃતિઓ પણ કરાવવામાં આવે છે. તારીખ **૧૯ એપ્રિલ ૨૦૨૫**ના રોજ સંસ્થામાં અભ્યાસ કરતાં બાળકોએ રંગબેરંગી કાગળોમાંથી સુશોભનની વસ્તુઓ બનાવી હતી. જેમાં બાળકો દ્વારા **ફોટો ફ્રેમ**, **ગુલદસ્તા**, **ગુલાબ**, **કાગળના પ્રાણીઓ** જેવી વિગેરે વસ્તુંઓ બનાવી હતી.





## ઓટોમેટીક વોટર કુલર બનાવવામાં આવ્યું

તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિઓ અંતર્ગત ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ ટેકનોલોજી અને નવીનતાનો સુંદર સમન્વય દાખવતા ઓટોમેટીક વોટર કુલર બનાવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ટીમ વર્ક દ્વારા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેકટ સફળતા પૂર્વક પુરૂ કર્યું હતું. ઓટોમેટિક વોટર કુલર તૈયાર કરતાં તેમને ઈલેકટ્રોનિકસના સાધનો, સેન્સરો અને વોટર મેનેજમેન્ટ અંગે નવું શીખવા મળ્યું હતું . આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ખુબ મહત્ત્વપૂર્ણ ભુમિકા ભજવે છે.





## મહર્ષિ પરશુરામ જયંતિ

તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર તરીકે ઓળખાતા મહર્ષિ પરશુરામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

મહર્ષિ પરશુરામે પૃથ્વી પર અધર્મ અને અન્યાય સામે લડવા માટે અવતાર લીધો હતો તેમનો જન્મ અક્ષય તૃતિયાના દિવસે થયો હતો. જેને પરશુરામ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે.

ભગવાન પરશુરામને ચિરંજીવી માનવમાં આવે છે. પરશુરામના જીવન અને કાર્યો હિંદુ ધર્મના ધર્મની સ્થાપના અને અધર્મના નાશના પ્રતીક છે. તેમની કથાઓથી શીખ મળે છે કે અન્યાય સામે લડવું અને ધર્મની સ્થાપના કરવી મહત્ત્વપૂર્ણ છે જેવી વિવિધ માહિતી મહર્ષિ પરશુરામની બાળકોને ઊંડાણપૂર્વક આપવામાં આવી હતી.





# આરોગ્ય

## ● હોમિયોપેથિક સારવાર કેમ્પ

વિશ્વ હોમિયોપેથિક દિવસ નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા ખાતે સર્વ રોગ નિદાન અને હોમિયોપેથિક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા ખાતે નિયામકશ્રી આયુષની કચેરી અને જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. કલ્પનાબેન સુથારના માર્ગદર્શન હેઠળ અને સ્નેહા ફાઉન્ડેશનના સહયોગથી વિનામુલ્યે હોમિયોપેથીક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૭ દર્દીઓની સારવાર કરી તપાસ કરી દવાઓ આપવામાં આવી હતી.

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા ડૉ. કલ્પનાબેન, ડૉ. કશ્યપભાઈ અને તેમની ટીમનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.






# તહેવારોની ઉજવણી

## ● રામ નવમી પર્વની ઉજવણી

જયારે આખો ભારત દેશ શ્રી રામના જન્મોત્સવની ઉજવણી કરી રહ્યો હોય ત્યારે તારીખ ૦૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના પટાંગણમાં બાળકોને રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રી રામના જન્મનું જ નહી, પણ અનિષ્ટ પર સારાની જીત અને સદાચાર (ધર્મ)ના શાશ્વત સિદ્ધાંતોનું પણ પ્રતિક છે.

ભગવાન શ્રી રામનું જીવન નૈતિકતાના પ્રતિક તરીકે સેવા આપે છે, આ સાથે આપણને ભગવાન શ્રી રામના સિદ્ધાંતો પર જીવવાની પ્રેરણા પણ આપે છે તથા બાળકોને શ્રી રામના જન્મથી લઈને તેમની જીવન યાત્રા તમામ પ્રસંગો વાર્તાલાપ અને પ્રસ્તુતી રૂપે સમજાવ્યા. આ સાથે બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને શ્રી રામના જીવનમૂલ્યોને પોતાના જીવનમાં અપનાવવાની પ્રતીજ્ઞા લીધી હતી.





## ● હનુમાન જયંતિ પર્વની ઉજવણી

તારીખ ૧૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ હનુમાન જયંતીના પાવન પર્વ નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન અને રોટરી કલબ ઓફ ભાવનગરના સંયુકત ઉપક્રમે એક વિશેષ સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાની દીકરીઓનું હિમોગ્લોબીન અને આયર્ન ટેસ્ટ કરવામાં આવ્યું હતું. જેમાં નબળું સ્વાસ્થ્ય ધરાવતી દિકરીઓને આવશ્યક પોષણદાયી ઔષધિઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સંસ્થાના બાળકો દ્વારા ભકિતભાવપૂર્વક હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવ્યું હતું.







# તરુણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરુણાવસ્થા** પ્રોજેક્ટ અંતર્ગત કુલ **૧૩૬** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટ્યું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



## બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ વર્ષ ૨૦૨૫ના એપ્રિલ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૯ | ૨૩૪ | ૪૬૩ | શ્રી વિજયભાઈ શાહ પાનવાળા |
| ૨. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૧ | ૨૩૮ | ૪૬૯ | જાન્વીબેન |
| ૩. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૧ | ૨૩૮ | ૪૬૯ | સુનિલભાઈ મોદી |
| ૪. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૬૩ | ૬૯ | ૧૩૨ | જાન્વીબેન |



## બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ વર્ષ ૨૦૨૫ના એપ્રિલ મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહ ખુશાલી સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૩૧ | ૨૩૮ | ૪૬૯ | ઝૈદભાઈ મેઘાણી |

## ➤ એપ્રિલ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી વિજયભાઈ શાહ (પાનવાળા) |
| ૨. | શ્રી જાન્વીબેન |
| ૩. | શ્રી ઝૈદભાઈ મેઘાણી<br>શ્રી ઈસ્મતબેન મેઘાણી |

| મે-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો | |
|---|---|
| તારીખ | આયોજનની વિગત |
| ૦૧ મે ૨૦૨૫ | ગુજરાત સ્થાપના દિવસ. |
| ૦૫ મે ૨૦૨૫ | વોટર પાર્ક. |
| ૦૭ મે ૨૦૨૫ | રવિન્દ્રનાથ ટાગોર જયંતિ. |
| ૧૦ મે ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૧૭ મે ૨૦૨૫ | સમર કેમ્પની ઉજવણી. |







## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

**બેંકની વિગત**

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૯૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**


**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**